ગાંધીનગર સમાચાર




## @ગાંધીનગર

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા રક્ષાબંધન (બળેવ) નિમિત્તેસવારે૯.૩૦થી ૧૨.૦૦કલાક દરમિયાન સેકટર-૧૬, બ્રહ્મભવન ખાતે કાનજીભાઈ શાસ્ત્રીના આચાર્ય પદે સમુહ યજ્ઞોપવીત બદલવાનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન બહુવિધ સુકામેવાના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક રાખડીના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે રાખડીના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ નવી નોટો-રૂપિયા પૈસાના હિંડોળા યોજાશે.

# શહેરમાં રક્ષાબંધન પર્વે મીઠાઈનું ધુમ વેચાણ

ગાંધીનગર, તા.૧૭

રક્ષાબંધન એટલે રક્ષાનો દિવસ. ભાઈ બહેનના હેતનો તહેવાર એટલે રક્ષાબંધન. જો કે સમય જતા રક્ષાબંધન પર્વમાં પણ બદલાવ આવતો ગયો છે. પહેલાના સમયમાં બહેન ભાઈના હાથે રાખડી બાંધીને ભાઈની રક્ષા માટે પ્રાર્થના કરીને ગોળ ખવડાવી મોઢું મીંઠુ કરાવે છે. આજે પણ આ પરંપરા જળવાઈ રહી છે પરંતુ ગોળનું સ્થાન આજની આધુનિક મોંઘી મીઠાઈઓએ લીંધુ છે. રક્ષાબંધન પર્વને અનુલક્ષી મહિલાઓ બજારમાં અવનવી મીઠાઈઓ ખરીદતી નજરે પડતી હતી. શહેરના બજારમાં અવનવી મીઠાઈઓની ભરમાર વચ્ચે બહેનોમાં હજુ પણ પેંડા અને કાજુકતરી હોટ ફેવરીટ છે.

ગાંધીનગર શહેરમાં રક્ષાબંધન પર્વને લઈ બજારમાં અવનવા ગીફટ પેક, ચોકલેટ અને મીઠાઈનું ચલણ વધવા લાગ્યું છે. આ પર્વને લઈ વેપારીઓ દ્વારા



અગાઉથી તૈયારીઓ કરી દેવામાં આવે છે. શહેરના બજારમાં અત્યારે હાલ રૂ.૩૦૦ થી રૂ.૧૨૦૦ સુધીની મીઠાઈઓ હાજર સ્ટોકમાં છે. કાજુની મીઠાઈઓ, બંગાળી મીઠાઈઓ, પીસ્તા સંદેહ, રસ માધુરી, રસ મલાઈ, મલાઈ ચમચમ, મલાઈ ગજરા, સુરજમુખી, પીસ્તા રોલ, ચોકલેટ રોચર, પીસ્તા રોચર, કસાટા, ડ્રાયફ્રુટપીઝા, મલાઈ ઘેવર, કેસર ઘેવરસહિતની મીઠાઈઓનું ધુમ વેચારણ થઈ રહ્યું છે. જયારે પેડાનું માર્કેટ આજે પણ અકબંધ છે જેમાં ખાસ કરીને રાધે, મથુરા, કેસર, અને છાબડી પેંડાની ખરીદી વધુ થાય છે. રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ મીઠાઈની દુકાનો મહિલાઓથી ખીચોખીચ ભરેલી જોવા મળતી હતી. પોતાના વીરાને રાખડી બાંધીને તેની રક્ષાની પ્રાર્થના કરતી બહેનો ભાઈને મનગમતી મીઠાઈ ખવડાવીને મોં મીંઠુ કરાવે છે. ત્યારે પેંડા અને કાજુ કતરીનું વધુ વેચાણ જોવા મળે છે. જયારે મહિલાઓ ૧૦૦ થી ૨૦૦ ની રેંન્જની કિંમતમાં સૌથી વધુ ખરીદી કરે છે.

## વાતવાતમાં

● પૂ. પ્રમુખ સ્વામી મહારાજની અંતેષ્ઠિમાં સામેલ થવા શહેરના અનેક શ્રધ્ધાળુઓ સાળંગપુર જવા રવાના થયા હતા. આ ઉપરાંત પણ શહેરના મોટા ભાગના ભાવિકોએ ટીવી પર અંતેષ્ઠિ કાર્યક્રમ નિહાળ્યો હતો.

● રક્ષાબંધનના પવિત્ર દિવસે નવું વાહન વસાવવા માંગતા રહીશોએ આગોતરા બુકિંગ કરાવી રાખ્યા છે. નવા વાહનની આ દિવસે જ ડિલીવરી મળે તે માટે ગ્રાહકો જે તે ઓટોમોબાઈલ કંપનીના શો રૂમ પર વાંરવાર ફોન કરી 'કન્ફર્મેશન' મેળવવા પણ દિવસભર વ્યસ્ત રહ્યા હતાં.

● શ્રાવણ માસમાં ઘરફોડ ચોરીની ઘટના વધી રહી છે. એક નિવૃત્ત પોલીસ અધિકારીનું માનવુ છે કે શ્રાવણ માસમાં જુગારની પ્રવૃત્તિમાં વધારો થતો હોવાથી તેના રવાડે ચઢી હારેલા જુગારીઓના કારણે ઘરફોડ ચોરીનું પ્રમાણ વધે છે.

# શહેર આસપાસ બે માર્ગ અકસ્માતમાં બે ના મૃત્યુ

## બોરીજ જૈન દેરાસર સામે ગાડીની અડફેટે મહિલાનું મૃત્યુ : સોનારડા-ગલુદણ વચ્ચે અજાણ્યા વાહનની ટકકરે અજાણ્યા યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર આસપાસ બે દિવસમાં બે માર્ગ અકસ્માતો ગંભીર બનવા પામ્યા છે. બે દિવસ પહેલા મોડી સાંજે દિકરાને સાથે રાખીને માતા સાયકલ દોરીને અક્ષરધામ નજીક રસ્તો ઓળંગી રહી હતી ત્યારે બેફામ જતી ગાડીની ટકકરથી બોરીજ જૈન દેરાસર ખાતે રહેતી માતાનું કરૂણ મૃત્યુ નિપજયું હતું જયારે તેનો દિકરો ઘાયલ થયો હતો તે ઉપરાંત આજે ગલુદણ-સોનારડા રોડ પર અજાણ્યા વાહનની અડફેટે અજાણ્યા યુવાનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. બંને પ્રકરણમાં પોલીસે ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

બોરીજ સ્થિત જૈન દેરાસર ખાતે રહેતા રણજીતભાઈ છોટાભાઈ બારીયાના પત્નિ ગુલાબબેન અને પુત્ર મોક્ષ બંને ૧૫મી ઓગષ્ટે સાંજે સાયકલ દોરીને જૈન દેરાસર બોરીજ સામેનો રસ્તો ઓળંગી રહ્યા હતા તે દરમિયાન બેફામ ગતિએ નિકળેલી એમ.એચ. ૦૧ એ.એચ. ૮૩૯૪ નંબરની ગાડીએ સાયકલને અડફેટે લઈ લીધી હતી. સાયકલ સાથે માતા પુત્ર બંને ફંગોળાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. તાત્કાલીક બંનેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. જયાં ગુલાબબેનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે પુત્ર મોક્ષ સારવાર હેઠળ છે. સે-૨૧ પોલીસે રણજીતભાઈની ફરીયાદ આધારે ગાડી ચાલક સામે ગુનો નોંધી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

બીજી તરફ ચિલોડા-નરોડા હાઈવે પર સોનારડા-ગલુદણ વચ્ચે આજે સમી સાંજે એક અકસ્માત થયો હતો. ધસમસતા આવતા અજાણ્યા વાહને હાઈવે પર જઈ રહેલી આશરે ૨૦થી ૨૫ વર્ષના યુવાનને જબરદસ્ત ટકકર મારી હતી. આ અકસ્માતમાં પણ યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું છે. જો કે તેની ઓળખ થઈ શકી નથી તો બીજી તરફ અકસ્માત બાદ વાહન સાથે આરોપી ચાલક પણ ફરાર થઈ જતાં તેનો વાહન નંબર પણ કોઈ લઈ શકયું નથી. ડભોડા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

## સેકટર-૭-ડીના તેજસ્વી તારલાઓનો અને વડીલોનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડીના સંયુકત ઉપક્રમે તા. ૨૧ ઓગષ્ટના રોજ સાંજે ૪.૦૦ કલાકે ચૌધરી શાળાના હોલ ખાતે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વર્ષ ૨૦૧૬માં ધોરણ-૧ થી ૧૦ અને ૧૧-૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને તેમજ ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલ સભ્યોનું સન્માન કરવામાં આવશે.

આ વાર્ષિક સન્માન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, પૂર્વ ડેપ્યુટી મેયર અને હાલના કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ, સે-૭-ડીના અગ્રણી મધુકરભાઈ પરમાર, કોર્પોરેટર પાર્વતીબેન પરમાર, વિક્રાંતભાઈ પુરોહિત સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સંસ્થાના સભ્યોને હાજર રહેવા પ્રમુખ જયંતભાઈ ભટ્ટે જણાવ્યું છે.



પવિત્ર શ્રાવણમાસમાં ભોળાનાથની ભકિતમાં ભકતો લીન થઈ ગયા છે. ત્યારે સેકટર-૨ ખાતે આવેલ ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે ભકતોએ અનાજ તેમજ કઠોળની મદદથી ભકતોએ કલાકોની મહેનત બાદ ૧૨ જયોતિલીંગ તૈયાર કર્યા હતા. આ અદ્દભુત શણગાર સજેલા મહાદેવજીના દર્શનાર્થે મોટીસંખ્યામાં ભકતો ઉમટી પડ્યા હતા અને દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. જયારે આગામી સમયમાં પણ ભકતો દ્વારા વિવિધ ચીજવસ્તુથી ભોળાનાથને શણગારથી સજાવવામાં આવશે.

# રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં બ્રાઈટ સ્કૂલનો દબદબો

## આ સ્પર્ધામાં ૨૫ સ્કૂલના ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો





ગાંધીનગર, તા.૧૭

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ ટાઉનહોલ ખાતે શહેરની વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં ૨૫ શાળાના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્રણ વિભાગમાં વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સુંદર રીતે દેશભકિતના ગીતો રજુ કર્યા હતા. રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં ત્રણેય વિભાગમાં બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓનો દબદબો જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર મનપાના મેયર, ધારાસભ્ય અને શહેરના આગેવાનો સહિત મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે ૧૫મી ઓગષ્ટના રોજ ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે મેજર રોહિત શર્મા (ઓફીસરકમાન્ડીંગ એડવાન્સ પાર્ટી ગાંધીનગર)અને મેજર ડો.કલ્પેશ પંચાલ (એમઓઆઈસી) હાજર રહ્યા હતા. ભારત વિકાસ પરિષદના પ્રમુખ ચંદ્રકાન્ત રાવલ અને હોદ્દેદારો દ્વારા મહેમાનોનું પુષ્પગુંચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનોના હસ્તે દિપ-પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક, માધ્યમિક અને સંસ્કૃત સહિત ત્રણ વિભાગમાં રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૨૫ સ્કૂલના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં જોડાયા હતા. સ્વાતંત્ર્યપર્વની પૂર્વ સંધ્યાએ યોજાયેલ રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ એક પછી એક સુંદર રીતે દેશભકિતના ગીત રજુ કરતા સમગ્ર ટાઉનહોલમાં દેશભકિતના વાતાવરણનો માહોલ જામ્યો હતો. આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં પ્રથમક્રમે બ્રાઈટ વિકટરી સ્કૂલ, દ્રીતીયક્રમે બ્રાઈટ ઈન્ટરનેશલ સ્લૂલ તેમજ તૃતિયક્રમે બ્રાઈટ પ્રાથમિક સ્કૂલ વિજેતા જાહેર થઈ હતી. જયારે માધ્યમિક વિભાગમાં વિજેતાઓમાં પ્રથમક્રમ બ્રાઈટ સ્કૂલ બીજો ક્રમ બ્રાઈટ ઈન્ટરનેશનલ તેમજ ત્રીજો ક્રમ સ્વામીનારાયણ સ્કૂલ સેકટર-૨૩ એ મેળવ્યો હતો. જયારે સંસ્કૃત વિભાગમાં પ્રથમ નંબરે એમ.બી. પટેલ ઈન્ગ્લીશ મીડિયમ, બીજા નંબરે બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કૂલ તેમજ ત્રીજા નંબરે દિલ્હી પબ્લીક સ્કૂલ વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે અંકિત જોષી અને વિશાલ પથિકે સેવાઓ આપી હતી. આ સ્પર્ધામાં હાજર મહેમાનોના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા સ્વરુપે ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા હતા.આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ શહેરની તમામ શાળાઓનો તેમજ મહેમાનોનો ભારત વિકાસ પરિષદના પ્રમુખ ચંદ્રકાન્ત રાવલે આભાર વ્યકત કર્યો હતો.

# સ્વાતંત્ર્ય પર્વ નિમિતે હોસ્પિટલમાં દર્દીઓને મહાપ્રસાદનું વિતરણ





ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સિવિલ સંકુલમાં તબિબિ અધિક્ષક ડો.બિપિન નાયક દ્વારા ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો.અરુણ વ્યાસ, મેડીકલ સોસાયટીના ચેરમેન ડો.જે.જી બુચ, ડોકટર્સ સહિત મોટીસંખ્યામાં સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે તંત્ર દ્વારા સમગ્ર હોસ્પિટલમાં એડમીટ દર્દીઓને ફ્રુટ, મહાપ્રસાદ તેમજ નાનાબાળકોને ફલેવર્ડ મીલ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના અંદાજે ૫૦૦ થી વધુ દર્દીઓને મહાપ્રસાદનો લાભ મળ્યો હતો. સ્વાતંત્ર્ય પર્વની હોસ્પિટલના સત્તાધિશો દ્વારા અનોખી રીતે ઉજવણી કરાઈ હતી.

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલ દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે સવારે ૮ કલાકે હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડો.બિપિન નાયક દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ડો. નાયકે સ્ટાફના કર્મચારીઓને સ્વાતંત્રય પર્વની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું અને જરુરી સુચનો આપ્યા હતા. ત્યારબાદ હોસ્પિટલમાં આવેલ નવી ઈમારતના વિવિધ વોર્ડમાં એડમીટ દર્દીઓને મળીને ફ્રુટ તેમજ મહાપ્રસાદનું વિતરણ ક્યું હતું. જયારે પિડીયાટ્રીક વોર્ડના બાળદર્દીઓને ફલેવર્ડ મીલ્ક આપવામાં આવ્યું હતું. હોસ્પિટલ સંકુલમાં એડમીટ અંદાજે ૫૦૦ થી વધુ દર્દીઓને મહાપ્રસાદનો લાભ મળ્યો હતો. સંકુલ ખાતે અનોખી રીતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવતા દર્દીઓ તેમજ કર્મચારીઓમાં ખુશનો માહોલ જોવા મળ્યો હતો.

## મગોડીમાં રહેતી પરિણીતાનો એસીડ ગટગટાવી લઈ આપઘાત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર-દહેગામ માર્ગ પર આવેલા મગોડી ગામ ખાતે રહેતી ૩૨ વર્ષીય પરિણીતાએ ગઈ સાંજે પોતાના ઘરે જ કોઈ કારણોસર આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતા સંગીતાબેન કમલેશસિંહ બિહોલાએ ગઈ સાંજે એસિડ ગટગટાવી લીધું હતું. તેણીને ગંભીર હાલતમાં સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પટિલ લઈ જવાઈ હતી જયાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા ડોકટર તેમજ વટીવટી કામગીરી સંભાળતા અધિકારી અને કર્મચારીઓને હાથે રાખડી બાંધીને બ્રહ્માકુમારીની બહેનોએ રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. રક્ષાબંધન એ ભારતીય સંસ્કૃતિનું પૌરાણિક કાળથી ઉજવાતું પર્વ છે જેમાં રક્ષા બાંધનાર જેના હાથે રાખડી બાંધે છે તેના ક્ષેમકુશળની તથા જીવનમાં પ્રગતિની ખેવના કરે છે.

## પ્રમુખ સ્વામીને શ્રધ્ધાંજલિ

ગાંધીનગર સેકટર-૨૨ જૈન દેરાસર ખાતે ચાતુર્માસ બિરાજમાન જૈનાચાર્ય શ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજાએ રવિવારના રોજ પ્રવચન શિબિર દરમિયાન વિશાળ જનમેદની સમક્ષ સ્વર્ગવાસી બનેલ સંત શ્રી પ્રમુખ સ્વામી મહારાજને યાદ કરી દુ:ખની લાગણી વ્યકત કરી હતી.

સમાજ કલ્યાણ માટેની તેઓની તત્પરતા અને આધુનિક સમાજમાં સંસ્કાર અને સદવિચારોનું આરોપણ કરવામાં તેઓશ્રીનું યોગદાન રહ્યું છે. તેઓશ્રીનો આત્મા પરમપદની યાત્રામાં સફળ બને એવી મંગળકામના વ્યકત કરી હતી.

# શહેરમાં ડહોળા પાણીની વકરતી સમસ્યા

## પંદર દિવસથી ઉદભવેલી સ્થિતિ અનિયંત્રીત, કાળાશ પડતા પાણીથી શહેરીજનો ત્રાહીમામ, પીવાના પાણીની વિકટ સમસ્યા

ગાંધીનગર, તા.૧૭

શહેરના જુના સેકટરોમાં છેલ્લા પંદર દિવસથી ડહોળુ પાણી આવી રહ્યું છે. તંત્ર દ્વારા એક બે દિવસમાં પાણી ચોખ્ખું આવશે તેવા આશ્વાસન અપાય છે પરંતુ કાળાશ પડતા ડહોળાયેલા પાણીની સમસ્યા યથાવત રહી છે. સવારે આવતું ફોર્સ વગરનું ડહોળાયેલું પાણી બિન ઉપયોગી બની રહ્યું છે. શહેરીજનોને પીવાના પાણીની સમસ્યા ઉભી થઈ છે. પાણી પાણીના પોકાર ઠેર ઠેર ઉભા થયા છે ત્યારે પ્રથમ દષ્ટિએ જ આવતું પાણી ગંભીર રોગચાળો પેદા ન કરે તેની દહેશત વર્તાઈ રહી છે.

સમગ્ર શહેરમાં હાલ નાની મોટી બિમારીઓએ ભરડો લીધો છે. સરકારી અને ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે ત્યારે શહેરને પુરા પડાતા પાણીએ પણ હાલાત વધારે બગાડી નાખી છે. છેલ્લા ઘણા દિવસોથી કાળાશ પડતું પાણી આવી રહ્યું છે. પાણી ભરવાના વાસણોમાં પાણી ભરાતાં જ તે દુષિત હોવાનું જણાઈ રહ્યું છે. જેથી લોકો આવતા આ પાણીનો ઉપયોગ ટાળી રહ્યા છે અને સ્વ ખર્ચે મિનરલ વોટરના બાટલા મંગાવી ચલાવી રહ્યા છે.

તંત્રના આશ્વાસન છતાં ડહોળુ પાણી બેકાબુ બન્યું છે. ઉદભવેલી આ ગંભીર સ્થિતિ અનિયંત્રિત બની છે જેથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. પાણીની બાબતે તંત્ર ઉણું ઉતર્યું હોય તેમ ફોર્સ પણ મળતો નથી અને શુધ્ધ પાણી શહેરીજનોને મળે તેવા પ્રયાસો પણ થતાં ન હોય તેવું હાલની પરિસ્થિતિ ઉપરથી લોકોને લાગી રહ્યું છે. માનવ શરીરની પ્રાથમિક જરૂરિયાત એવા પાણીની ગંભીર સમસ્યા રાજયના પાટનગરમાં ઉભી થઈ છે છતાં ઉચ્ચ અધિકારીઓ સહિત પ્રજાના પ્રતિનિધિઓ પણ હરફ સુધ્ધાં ઉચ્ચારતા નથી તે શહેરીજનોને અકળાવી રહ્યું છે. આવતું ડહોળુ પાણી શુધ્ધ છે કે અશુધ્ધ, પીવાલાયક છે કે કેમ? તે પણ તંત્ર ફોડ પાડતું નથી. વધુમાં કાળાશ પડતું પાણી મોંમા કેવી રીતે જાય તે પ્રથમ નજરે જ ખ્યાલ આવે તેમ છે છતાં તંત્રની બેફિકરાઈ આ અંગે બહાર આવી છે. અશુધ્ધ વાતાવરણ વચ્ચે પાણીની આ વિકટ સમસ્યા ગંભીર ખતરો પેદા કરે તે પહેલાં તંત્ર દ્વારા ચોખ્ખું અને પૂરા ફોર્સથી પાણી પુરું પડાય તેવી માંગ ઉઠવા પામી છે.

## રવિવારે ગાંધીનગરમાં દલિત અધિકાર મહાસંમેલન યોજાશે

ગીર સોમનાથના ઉના તાલુકાના મોટી સમઢિયાળામાં બનેલ દલિત અત્યાચાર ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર પડ્યા છે. જેને અનુલક્ષી દલિત સમાજમાં આક્રોશ પ્રવર્ત્યો છે ત્યારે સમગ્ર ગુજરાતના દલિતો એક થઈ અત્યાચારના વિરોધમાં તા. ૨૧ના રોજ બપોરે ૧૧ કલાકે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે રેલી યોજ્યા બાદ મહાસભા યોજાશે મુખ્યમંત્રીને ૧૬ માંગણીઓ દર્શાવતું આવેદનપત્ર પાઠવવા જશે.અમદાવાદમાં થયેલા સમાજના શકિત પ્રદર્શન બાદ હવે પાટનગર ગાંધીનગરમાં પણ દલિત સમાજના નાગરિકો મોટીસંખ્યામાં જોડાશે. આ કોઈ રાજકીય સંમેલન ના હોવાથી સમાજના તમામ નાગરીકોને જોડાવવા અગ્રણીઓએ આહ્વાન કર્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ભલાભાઈ ડાહ્યાભાઈ પરમાર, ઉ.વ. ૭૮
- સ્વ. ચંદુજી સેંધાજી ચાવડા, ઉ.વ. ૭૬